ટોચની અગ્રતા/કોર્ટ મેટર

ઈ-મેલ મારફતે

ક્રમાંક: ઘ/મા-૨/વકલ/૨૦૨૪/૪૭૩૦-૪૭૬૩
નિયામકશ્રી શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનીતવનની સામે, સેક્ટર-૧૯,
ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૨૧
તા.૧૮-૦૫-૨૦૨૪

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય: રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર બનાવવા બાબત.

સંદર્ભ :
1. સા. વ. વિભાગના તા.03/0૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૦૯-૯૩૧૨૭-ગ.૨
2. સા. વ. વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨
3. શિક્ષણ વિભાગના તા.૦૫/૦૫/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૧૭૭૪/ગ
4. શિક્ષણ વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: BMS/11/2019/631243/G
5. શિક્ષણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૪ ના પત્ર-ક્રમાંક: ED/MSM/e-file/3/2024/1449/V.2
6. શિક્ષણ વિભાગના તા.૧૮/૦૫/૨૦૨૪ ના પત્ર-ક્રમાંક: ED/MSM/e-file/3/2024/1449/V.2

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, Writ Petition (PIL) No.46 of 2023 અન્વયે દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા અને દિવ્યાંગ અનામત રોસ્ટર નિભાવવાની કામગીરી તત્કાલિક પૂર્ણ કરવા સંદર્ભ-૫ અને ૬ થી શિક્ષણ વિભાગ કક્ષાએ યોજાયેલ બેઠકમાં સુચના થઈ આવેલ છે.

આ સંદર્ભે નીચે મુજબની સુચનાઓ આપના તાબા હસ્તકની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં આપી તેનો **તાત્કાલિક અમલ કરાવી તેની કાર્યવાહી તા.૨૧/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪.૦૦ કલાક સુધીમાં પૂર્ણ કરી અત્રે નિયત પ્રમાણપત્ર ઈ-મેલ ssmadhyamik3@gmail.com પર અચૂક મોકલી** આપવાનુ રહેશે. જે માટે નીચેની સુચનાઓ ધ્યાને લેવી.

1. બિનસરકારી અનુદાનિત શાળાઓને શાળાદીઠ અને વિભાગદીઠ (માધ્યમિક અને ઉ.મા. વિભાગ) શિક્ષણ સહાયક સંવર્ગ માટે દિવ્યાંગ રોસ્ટર બનાવવાના રહેશે.
2. આ સંબંધિત દિવ્યાંગ રોસ્ટરમાં તા.૦૧/૦૧/૨૦૦૦ થી તા.૧૭/૦૯/૨૦૨૧ સુધી થયેલ સંવર્ગવાર (દિવ્યાંગ અને સામાન્ય બન્ને) સીધી ભરતીમાં પસંદ થયેલ તમામ કર્મચારીઓને ક્રમાનુસાર (ક્રમ-૧ થી શરુ કરી) આ સાથે સામેલ સા.વ.વિ.ના તા.03/0૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૦૯-૯૩૧૨૭-ગ.૨ ના પરિશિષ્ટ મુજબ તૈયાર કરવાનું રહેશે.(ઠરાવની નકલ સામેલ છે)
3. રોસ્ટર રજીસ્ટરમાં સીધી ભરતીથી નિમણૂંક અંગેના રજીસ્ટરમાં કોલમ નં.૭ માં ક્રમ- ૩૪, ૬૮ અને ૧૦૦ ને દિવ્યાંગ વ્યકતિઓ માટે સુનિશ્ચિત થયેલ હોઈ, ત્યાં "અનામત" શબ્દ લખવો. જ્યારે અન્યમાં "બિનઅનામત" શબ્દ લખવો.
4. આ રોસ્ટર રજીસ્ટરમાં તા.૧૭/૦૯/૨૦૨૧ સુધી નિમણૂંક કરેલ તમામ નામોની નોંધણી કર્યા બાદ છેલ્લી આવેલ રોસ્ટર ક્રમને ધ્યાને લઈને નીચે મુજબ તારીજ બનાવવાની રહેશે.

| સા.વ.વિ.ના તા.03/0૮/૨૦૧૧ ના ઠરાવ અનુસાર તારીજ | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | રીમાર્ક્સ |
| ૧ | શારીરિક ખોડ ખાંપણથી ભરવાપાત્ર જગ્યાઓ | | |
| ૨ | ભરાયેલ જગ્યાઓ | | |
| 3 | તફાવત (વધ કે ઘટ) | | |

5. આ તારીજમાં ભરવાપાત્ર જગ્યાઓ તા.03/0૮/૨૦૧૧ ના ઠરાવ મુજબ ક્રમ-૩૪,૬૮ અને ૧૦૦ ને ધ્યાને લેતા ભરવાપાત્ર જગ્યાઓ નક્કી કરવાની રહેશે.

6. તા.૧૭/૦૯/૨૦૨૧ બાદ ૪% દિવ્યાંગ અનામત લાગુ થયેલ હોઈ, તા.૧૭/૦૯/૨૦૨૧ બાદ સીધી ભરતીથી નિમાયેલ કર્મચારીઓને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ મુજબ નવા દિવ્યાંગ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે. પરંતુ સદર રજીસ્ટરમાં એન્ટ્રી કરતા પહેલા પ્રથમ રજીસ્ટરના છેલ્લો અનામત (દિવ્યાંગ) ક્રમ બાદ તુરંત પછીના ક્રમથી તમામની એન્ટ્રી નવા રજીસ્ટરમાં કરવાની રહેશે.(ઠરાવની નકલ સામેલ છે)

7. તા.૧૭/૦૯/૨૦૨૧ બાદ ૪% દિવ્યાંગ અનામત અંગેની તારીજ નીચે મુજબ બનાવવાની રહેશે.

| સા.વ.વિ.ના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ અનુસાર તારીજ | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | રીમાર્ક્સ |
| ૧ | શારીરિક ખોડ ખાંપણથી ભરવાપાત્ર જગ્યાઓ | | |
| ૨ | ભરાયેલ જગ્યાઓ | | |
| 3 | તફાવત (વધ કે ઘટ) | | |

8. ઉક્ત બન્ને તારીજોનો સરવાળો કરતા દિવ્યાંગોની ભરવાપાત્ર કુલ જગ્યાઓ મળશે.

આ પરિપત્રના સંદર્ભે વધુ અર્થઘટન અર્થે ઉક્ત સંદર્ભ દર્શિત ઠરાવ-૧ અને ૨ ને ધ્યાને લઈને કાર્યવાહી કરવાની રહેશે.

નોધ: સદર બાબતે વિસ્તૃત માહિતી માટે તા.૨૦/૦૫/૨૦૨૪ ના સોમવારના રોજ વિડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવનાર છે. જેની લીંક અને સમય વોટ્સઅપ ગૃપમાં શેર કરવામાં આવશે.

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે _________જિલ્લામાં આવેલ કુલ ____ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના કુલ ___ દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર તથા બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કુલ ___ દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર એમ કુલ મળીને _____ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓના કુલ ___ દિવ્યાંગ રોસ્ટરો રજીસ્ટરો રેકર્ડ આધારિત તૈયાર કરી તેની તારીજો કાઢવામાં આવેલ છે. વધુમાં, ઉક્ત શાળાઓ સિવાય અન્ય કોઈ બિનસરકારી અનુદાનિત શાળામાં દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવાના બાકી રહેતા નથી.

(સહિ સિક્કા)

તા.

જિલ્લા શિક્ષણાધિકારી

જિલ્લો:

બિડાણ: ઉપર મુજબ.

મદદનીશ નિયામક

ભરતી

ગાંધીનગર